* P H - 1 6 0 1 4 1 0 1 0 1 0 1 0 9 0 1 *

**PH-1601410101010901** Seat No. ______

# B. J. M. C. (Sem. I) (CBCS) (W.E.F. 2016) Examination

**March / April - 2020**

## Element of Translation

***(Elective Group A)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

1 નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું ગુજરાતી અથવા હિન્દીમાં ભાષાંતર કરો : **14**

New Delhi : Over 500 of the 672 candidates who fought the high-stakes Delhi Assembly polls lost their deposits, according to data shared by the Election Commission on its website. Former Union Minister Krishna Tirath, Ex-Delhi ministers A.K. Walia, Haroon Yusuf and Parvez Hashmi, and Poonam Azad, wife of the party's campaign committee head and former cricketer Kirti Azad, were among the 63 Congress candidates who forfeited deposits after the party received a drubbing in the February 8 polls. As per the constituency-wise data shared on the EC website, a total of 529 candidates lost deposits. In a near-repeat performance of 2015, the Arvind Kejriwal-led Aam Aadmi Party on Tuesday retained power with a stunning victory, winning 62 of the 70 assembly seats and leaving the BJP with just eight seats. The Congress, suffering yet another poll debacle, drew a blank for the second successive assembly elections in Delhi. The grand old party's performance in the just-concluded Delhi Assembly elections touched a record low with the party bagging less than five per cent votes and 63 of its candidates losing their deposits. The party had ruled Delhi for 15 years on the trot under former Chief Minister Sheila Dikshit. Only three candidates – Arvinder Singh Lovely from Gandhi Nagar, Devender Yadav from Badli and Abhishek Dutt from Kasturba Nagar – could save their deposits.

**અથવા**

Rajkot : Bad news, kesar mango lovers. Your wait to taste the delicious mangoes got a little longer this year. The crop is expected to be delayed by two months because of the extended monsoon last year. Again, mango farmers fear that sudden rise in temperature may adversely affect yield, though they hope to go to the market mid May with the king of fruits. However, in many farms it is still at the flowering stage. There are three major districts – Gir Somnath, Junagadh and Amreli – well known for Saurashtra's Kesar Mango production. Generally, buds appear in the first week of February and by mid-February, markets start selling raw mangoes, used for pickling, preservation purposes or for general daily consumption. Jayesh Hirpara, a kesar mango farmer in Jamvada Gir area of Talala in Junagadh district said, "Generally the flowering period for mango is 45 to 50 days. But, this time it has extended to almost 70 days. A few farmers have accused last year's anthracnose disease to the delay this year. Buds require low temperature and if temperatures increase suddenly, it will badly affect our crop." Professor D.K. Varu head of department of fruit science in Junagadh Agriculture University (JAU) said that the extended monsoon has delayed the entire crop pattern. Mango has been delayed by nearly 45 days this season, he said.

**2** નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું અંગ્રેજીમાં ભાષાંતર કરો : **14**

રાજકોટ : રાજકોટ - પોરબંદર હાઈ-વે પર ગઈકાલે મોડી રાતે વિરપુર નજીક સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ૪ વ્યક્તિના મોત થયા હતા અને ૧૪ને ઈજા થઈ હતી. રોડ પર ઊભેલા એક ટ્રકની પાછળ મહારાષ્ટ્રના નાગપુરથી આવેલી એક યાત્રાળુ બસ અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માતમાં બસના ડ્રાઈવર તથા બસમાં તેની બાજુમાં બેઠેલા યાત્રા આયોજક અને બે યાત્રાળુનાં મોત નિપજ્યા હતા. કુલ ૩૦ ભાવિકોને નાગપુરથી લઈને આ બસ સોમનાથ જઈ રહી હતી.

મોડી રાત્રે બસ વિરપુર નજીક પહોંચી ત્યારે બસ ચાલકને આગળ ઊભેલો ટ્રક, રોંગ સાઈડમાં આવતા મેટાડોરના પ્રકાશને કારણે દેખાયો નહોતો. બસ ધડાકાભેર ટ્રકના પાછળના ભાગે અથડાતા યાત્રા આયોજક અને બસ ડ્રાઈવરના ઘટના સ્થળે જ મોત થયા હતા. ઈજાગ્રસ્ત ૧૪ યાત્રિકો પૈકી ૬ યાત્રિકોની હાલત ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. અન્ય ૮ ઈજાગ્રસ્ત યાત્રિકોને નજીકના જેતપુર ખાતેના સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા યાત્રિકોને તાકીદે રાજકોટ હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત સર્જાતા લોકો એકત્ર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલે પહોંચાડવામાં સ્થાનિક લોકોએ મદદ કરી હતી. મૃતદેહોનાં પોસ્ટમાર્ટમની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી. પોલીસે યાત્રિકોનાં સગા-સંબંધીઓને નાગપુર જાણ કરી હતી. ટ્રક ડ્રાઈવર લાપતા છે, પોલીસ વધુ તપાસ ચલાવે છે.

**અથવા**

રાજકોટ : શહેરમાં યુવતીઓને પરેશાન કરતા તત્ત્વો સામે એક તરફ પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે તો બીજી તરફ શાળા-કોલેજમાં યુવતીઓને સ્વરક્ષાની પ્રાથમિક તાલીમ આપવી પણ શરૂ કરી છે. આવી તાલીમને કારણે જ આજે શહેરમાં કાલાવડ રોડ પર એક યુવતીએ તેને પરેશાન કરતા યુવાનની જાહેરમાં ધોલાઈ કરી હતી. આ યુવતીની છેડતી કરવાનું આ યુવાનને ભારે પડયું હતું. આ યુવતી કોટેચા ચોક તરફથી સેન્ટમેરી સ્કૂલ તરફ પોતાના એક્ટિવા સ્કૂટર પર જઈ રહી હતી. આ સમયે હોન્ડા સવાર યુવાને પોતાનું મોટર સાઈકલ યુવતીના એક્ટિવા નજીક લીધું હતું. જીન્સ પેન્ટ, ટીશર્ટ અને આધુનિક ચશ્માામાં સજ્જ આ યુવાને ''તારો દુપટ્ટો ઉડે'' એવું યુવતીને કહ્યું હતું. યુવતીએ દુપટ્ટો ચેક કરતા બરાબર જણાયો હતો. યુવાને મજાકનાં સ્વરમાં યુવતીને કેટલાક અયોગ્ય શબ્દો કહ્યા હતા. એ પછી યુવક પોતાના હોન્ડા પર આગળ વધી ગયો હતો. પરંતુ યુવતીએ તેનો પીછો કરી કે.કે.વી. હોલ પાસેના ટ્રાફિક સિગ્નલ પાસે પકડયો હતો. યુવક કશું સમજે તે પહેલા યુવતી પોતાના એક્ટિવા પરથી ઉતરી યુવકને બે લાફા ઝીંકી દીધા હતા. આ ઘટના બનતા જ લોકો પણ એકત્ર થઈ ગયા હતા. સાચી હકીકત જાણી લોકાએ પણ યુવકને માર માર્યો હતો. ગાંધીગ્રામ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને યુવતીની ફરિયાદને આધારે યુવકની ધરપકડ કરી હતી.

3 અનુવાદના વિવિધ પ્રકારો સમજાવો. 14

**અથવા**

3 અનુવાદનો ઈતિહાસ વર્ણવો. 14

4 (અ) અનુવાદનો અર્થ સમજાવો. 7

**અથવા**

(અ) અનુવાદનું મહત્ત્વ સમજાવો. 7

(બ) અનુવાદની પ્રક્રિયા વર્ણવો. 7

**અથવા**

(બ) સારા અનુવાદકની લાયકાત વર્ણવો. 7

5 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) 14

(1) વિચાર વિસ્તાર તરીકે અનુવાદ

(2) અનુવાદ અને પત્રકારત્વ

(3) અનુવાદના નિયમો

(4) યાંત્રિક અનુવાદ.